જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૮/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૧૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૬૩૦ લીટર દેશી દારૂ, ૧૧૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૨૧ બીયર ટીન, ૦૪ કાર, ૦૨ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૦૫,૦૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૧૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૨૦/૨૦૨૫**

ખોખરાઃ પ્રવિણભાઈ થિયોફીલભાઈ કિશ્ચિયન (ઉ.વ.૫૮)(રહે.લીલાઘર એપાર્ટમેન્ટ ઈડલી ચાર રસ્તા પાસે, મણિનગર પુર્વ ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૨૫ બપોરના ૧/૩૦ થી સાંજના ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમમાં કબાટના ડ્રોવરમાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– ચલાવે છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મિતકુમાર પ્રકાશભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૨૧/૨૦૨૫**

વાસણાઃ પ્રકાશભાઈ બંસીલાલ વસેટા (ઉ.વ.૫૫)(રહે.ગુમાનગર ખાડામાં ચિરાગ સ્કુલ સામે) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૫ ના કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ નારુભાઈ ચલાવે છે.

વેજલપુરઃ પરેશભાઈ બળદેવભાઈ પરમાર (ઉ.વ.૪૦)(રહે.વણકરવાસ વૈજનાથ મહાદેવ મંદીર સામે વેજલપુર ગામ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચેનલનો કેબલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી દેવરાજભાઈ ધીરજીભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી